તલાટીની પરીક્ષાના પગલે શહેરમાં ઉમેદવારોની ભારે ભીડ જોવા મળી હતી. વહેલી સવારથી જ ઉમેદવારો પરીક્ષા કેન્દ્ર પર પહોંચવા લાગ્યા હતા. એલડીઆરપી કેમ્પસમાં ઘણા વિદ્યાર્થીઓના નંબર આવ્યા હોવાથી સત્તાવાળાઓએ સુંદર વ્યવસ્થા ગોઠવી હતી અને ઉમેદવારોને જરાય તકલીફ ન પડે તેનુ ધ્યાન રાખ્યુ હતુ.

હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

સર આપણે ફાઇલમાં ઊનાળાનાં વેકેશનની જગ્યાએ માવઠાનુ વેકેશન એવુ લખીશુ...!!

વજાપુરમાં બાજી માંડીને બેઠેલા ૭ જુગારી ઝડપાયા

ગાંધીનગર,તા.૭

ગાંધીનગરના વજાપુર ગામની સીમમાં કેશાજી મકવાણાના ઘરની પાછળના ભાગે લાઈટના અજવાળે બાજી માંડીને બેઠેલા સાત જુગારીઓ રૂ.૨૧ હજારની મત્તા સાથે ઝડપાયા છે. જુગારીઓ પર પોલીસે અચાનક દરોડો પાડતા જુગારીઓમાં ભાગદોડ મચી ગઈ હતી.ડભોડા પોલીસ તમામ જુગારીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી વિગત મુજબ ડભોડા પોલીસના જવાનો રાત્રી પેટ્રોલીંગમાં હતા.તે સમયે તેઓને બાતમી મળી હતી કે વજાપુર ગામની સીમમાં કેશાજી મકવાણાના ઘરની પાછળના ભાગે લાઈટના અજવાળે જુગારની બાજી માંડીને બેઠા છે. પોલીસે જુગારીઓને પકડવા માટે દરોડો પાડતા જુગારીઓમાં ભાગદોડ મચી હતી.

પોલીસે તમામ જુગારીઓને કોર્ડન કરી પકડી પાડ્યા હતા. પોલીસે તમામ જુગારીઓને નામ પુછતા દિનેશ અજીત મકવાણા (વણકરવાસ લવારપુર), ગોવિંદજી વજાજી સોલંકી (રહે કુંડીવાળો વાસ ડભોડા), ગુલાબજી ઉમેદજી ઠાકોર (રહે રતનપુર ખોડીયારનગર), કિરણજી સુરસંગજી સોલંકી (રહે ડભોડા યાદવનગર), ભીખાજી ખોડાજી ઠાકોર (રહે વડોદરા નિશાળની સામે મુવાડા), કેશાજી શંકાજી મકવાણા (રહે ટાંકીવાળો વાસ વજાપુર), તેમજ સતિષ ગાંડાભાઈ પ્રજાપતિ (રહે ડભોડા સરકારી ડેરી પાસે) હોવાનું જણાવ્યું હતું.પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળી કુલ રૂ. ૨૧ હજારથી વધુનો મુદ્દામાલ કબ્જે કરી તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

૨૩ ગુનાના ભેદ ઉકેલાયા

ઈકોના સાયલેન્સર ચોરતી ટોળકીના ચાર સભ્યો ઝડપાયા

એલસીબી પોલીસે કાર, ૧૨ સાયલેન્સર, સહિત કુલ રૂ.૨.૯૫ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

ગાંધીનગર, તા.૭

ગાંધીનગરમાં ઈકો કારના સાયલેન્સર ચોરી કરતી ગેંગના ૪ સાગરીતોને ઈન્ડીકા કાર, ૧૨ સાયલેન્સર, રોકડ મળી કુલ રૂ.૨.૯૫ લાખના મુદ્દામાલ સાથે પકડી પાડી ૨૩ સાયલેન્સર ચોરીના ગુનાનો ભેદ ગાંધીનગર એલસીબી-૧ પોલીસે ઉકેલી દીધો છે. આરોપીઓ ગાડી પાર્ક કરી હોય તે સમયે રેકી કરી રાત્રીના સમયે ઈકો કારનું સાયલેન્સર ચોરી કરી પેલેડીયમ ધાતુ કાઢી નાંખેલુ સાયલેન્સર ફીટ કરી દેતા હતા.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગરમાં છેલ્લા કેટલાક સમયથી ઈકો કારના સાયલેન્સરની ચોરી કરતી ટોળકીએ હાહાકાર મચાવ્યો હતો. ઈકો ગાડીના સાયલેન્સર કાઢવામાં સરળતા રહેતી હોવાથી ટોળકી ઈકોને નિશાન બનાવતી હતી. ઈકો સાયલેન્સર ચોરી કરતી ગેંગને પકડવા માટે એલસીબી ટીમના જવાનો કાર્યરત હતા. તે સમયે પોલીસને બાતમી મળી હતી કે મહેસાણા હાઈવે છત્રાલ બ્રિજ

પાસે નાકાબંધી ગોઢવી ઈકો ગાડીના સાયલેન્સર ચોરી કરતી ટોળકીના ૪ સભ્યોને પકડી પાડ્યા હતા. તેઓની પાસેથી ઈન્ડીકા કાર, ૧૨ સાયલેન્સર, રોકડ રકમ, અને મોબાઈલ મળી કુલ ૨.૯૫ લાખનો મુદ્દામાલ કબ્જે કરી આરોપીઓની પુછપરછ કરવામાં આવી હતી. ત્યારે તેઓએ પોતાના નામ દિલાવરખાન ઉર્ફે દિલો ઉમરખાન જીવણખાન બલોચ (રહે.કડી જાસલપુર રોડ નજીક કોયડા છાપરામાં મોટા તલાવ પાસે કડી મળુ રહે નદીપુરા ગામ રાધનપુર જી બનાસકાંઠા), રફીક દાઉદભાઈ સલમાનભાઈ ઘાંચી (રહે રાણી મહેલના સામે આવેલા મેદાન સામે, ફીરોજ ઐયુબભાઈ પઠાણના મકાનમાં સરખેજ રોજા અમદાવાદ મુળ રહે ઘાંચીવાસ જાંબુ ગામ તા.લીંમડી) સમીરશા અબ્દુલશા મજીદશા દિવાન (રહે. નસીરાબાદ નગર સોસાયટી નંદાસણ ગામ તા.કડી, જી મહેસાણા) તેમજ અરબાઝ અકબરમીયા કાસમમીયા કુરેશી (રહે ગામ રાજપુર રેમ્બો પેપરમીલ પાસે ઝુલાસણ રોડ કડી) હોવાનું જણાવ્યું હતું. જયારે તેઓની પાસેથી મળી આવેલા સાયલેન્સર અંગે પોલીસ દ્વારા પુછપરછ કરવામાં આવતા છેલ્લા દોઢ વર્ષમાં ગાંધીનગરના કલોલ શહેર-ગ્રામ્ય સાંતેજ,માણસા અને મહેસાણાના સાંથલ વિસનગર, વસઈ, ઉંઝા તેમજ અમદાવાદના સોલા વિસ્તારમાંથી રાત્રીના સમયે પાર્ક કરેલ ઈકો કારના સાયલેન્સર ચોરીના ગુનાને અંજામ આપતા હતા. જયારે વોન્ટેડ આરોપીઓ હીદાયતઉલ્લા ઉર્ફે હફીઝુદીન નુરઅલી સૈયદ (રહે અમનપાર્ક નાડીયા વાસના નાકે નંદાસણ જી મહેસાણા) તેમજ જકવાન નામનો શખ્સ પણ સામેલ હોવાનું સામે આવ્યું છે.

એલસીબી પોલીસે સાયલેન્સર ચોરી કરતી ગેંગના ૪ સભ્યોને પકડી પાડી ૨૩ ગુનાનો ભેદ ઉકેલાઈ ગયો છે. જયારે દિલાવર ઉર્ફે દિલો એક વર્ષ અગાઉ મહેસાણાના લાંઘણજમાં બકરા ચોરીમાં ઝડપાયો હતો. જયારે રફીક ઘાંચી અસલાલી પોલીસ મથકે હત્યાના ગુનામાં પકડાયો છે. ઉલ્લેખનીય છે કે ઈકોના સાયલેન્સરમાં પેલેડીયમ ધાતુ (માટી) આવેલી છે. આ કિંમતી ધાતુ હોવાથી દાગીના તેમજ દાંતની સારવારમાં વપરાતી હોવાથી આ ધાતુ સોનીને ટોળકીના સભ્યો રૂ.૧૫ હજારમાં વેચી દેતા હતા.

અજાણ્યા શખ્સે એસઓજીના એએસઆઈને જાનથી મારી નાંખવાની ધમકી આપી

ગાંધીનગર, તા.૭

ડીવાયએસપીના સાળાની ઓળખ આપી અજાણ્યા શખ્સે ગાંધીનગર એસઓજીમાં ફરજ બજાવતા એએસઆઈને ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકી આપતા ઈન્ફોસીટી પોલીસ મથકે ગુનો નોંધાતા તપાસનો ધમધમાટ શરુ કરાયો છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપમાં ફરજ બજાવતા અનાર્મ એએસઆઈ દેવેન્દ્રસિંહ ઈશ્વરસિંહ રાવ પરિવાર સાથે રાંદેસણ સુઝન સોસાયટી મકાન નં.૮-૨ ખાતે રહે છે. ગતરોજ રાત્રીના સમયે દેવેન્દ્રસિંહ તેમના મિત્ર રાજસીભાઈ રાજાભાઈ મોઢવાડીયા ઘરે હાજર હતા. તે સમયે એક અજાણ્યા નંબર પરથી કોઈ શખ્સે ફોન કર્યો હતો. પરંતુ દેવેન્દ્રસિંહ કામમાં વ્યસ્ત હોવાથી ફોન રીસીવ કર્યો ન હતો.ત્યારબાદ થોડીવાર પછી એ જ નંબર પરથી ફોન આવતા અગત્યનો ફોન હોવાનું માની તેઓએ ફોન ઉપાડી લીધો હતો. ત્યારે સામેથી હું રાકેશ રબારી ઉલવા ડીવાયએસપી સાહેબનો સાળો બોલું છુ. જેથી દેવેન્દ્રસિંહે ફોન કરવાનું કારણ પુછતા અજાણ્યા શખ્સે જણાવ્યું કે તમે રાવ પીએસઆઈ બોલો છો. જેથી તેઓએ હા કહેતા અજાણ્યા શખ્સે કોઈ કારણ વિના ગમે તેમ બોલવાનુ ચાલુ કરી દીધુ હતું. જેથી દેવેન્દ્રસિંહે સભ્યતાથી બોલવાનું કહેતા જ અજાણ્યો શખ્સ ઉશ્કેરાઈ જઈને ગાળો બોલતો હતો. દેવેન્દ્રસિંહે સામેનો શખ્સ દારૂના નશામાં હોવાનુ માની નંબર બ્લેક લીસ્ટમાં નાંખી દીધો હતો. તેમ છતા અન્ય નંબર પરથી ફોન આવતા તેઓએ ફોન ઉપાડતા સામેથી ફરીવાર રાકેશ રબારી નામની ઓળખ આપી શખ્સે ગાળાગાળી કરી જાનથી મારી નાંખવાની ધમકી આપતા દેવેન્દ્રસિંહે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

પેથાપુર સિધ્ધેશ્વરી હાઈટ્સ ખાતે પરિણિતાએ ગળેફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું

ગાંધીનગર, તા.૭

ગાંધીનગરના પેથાપુર સિધ્ધેશ્વરી હાઈટસ્ ખાતે રહેતી પરિણિતાએ ઘરમાં દુપટ્ટા વડે ગળાફાંસો ખાઈ જીવન સંકેલી લેતા ચકચાર મચી જવા પામી છે. બનાવ અંગે સીઆરપીએફમાં ફરજ બજાવતા જમાઈ સામે સાસુએ દુષ્પ્રેરણની ફરીયાદ નોંધાવી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદના સાબરમતી ડી કેબીન પુરષોતમ પાર્ક સોસાયટી ખાતે ઈન્દુબા ચાવડા પરીવાર સાથે રહે છે. જયારે તેમના પતિ અમરસિંહ ઉદેસિંહ ચાવડા પોલીસ વિભાગમાં એએસઆઈ તરીકે વય નિવૃત થયા છે. તેણીના ચાર સંતાન પૈકી ૩૯ વર્ષિય દિકરી વનિતા બા ના લગ્ન આશરે પંદર વર્ષ પહેલા વલાસણા ખાતે થયા હતા. પરંતુ તેઓ હાલ પેથાપુર સિદ્ધેશ્વરી હાઈટ્સ ફલેટ નં.સી.૩૦૪ ખાતે રહેતા સીઆરપીએફમાં ઓડીશા ખાતે ફરજ બજાવતા શુરવીરસિંહ ગેમરસિંહ રાઠોડ સાથે થયા હતા. લગ્નમાં અંદાજીત ૩૦ તોલા સોનું અને અન્ય કરીયાવર આપવામાં આવ્યું હતું. લગ્નજીવનથી તેઓને બે દિકરા વર્ષિય લેખરાજસિંહ અને ત્રણ વર્ષિય વર્ધનમાનસિંહ છે. ગત તા.૫ મે ના રોજ સાંજના સમયે ઈન્દુબાને દિકરી વનિતાએ ફોન કરીને લઈ જવા માટે કહીને ફોન કટ કર્યો હતો. જેથી ચિંતાગ્રસ્ત માતાએ તાત્કાલીક જમાઈ અને દિકરીને ફોન કર્યા હતા પરંતુ કોઈ ફોન ઉપાડતુ ન હતું. જેથી દિકરા સાથે ઈન્દુબા તેમજ અમરસિંહ પરિવારના સભ્યો સાથે ગાંધીનગર આવવા માટે રવાના થઈ ગયા હતા. તે દરમિયાન જમાઈએ કોલ કરીને કહ્યું હતું કે વનિતાએ આપઘાત કરી લીધો છે. જેથી પેથાપુર ખાતે તાત્કાલીક તમામ સભ્યો આવી પહોંચ્યા હતા. ફલેટના બેડરૂમમાં વનિતાનો મૃતદેહ જોવા મળ્યો હતો.જયારે બાજુમાં દુપટ્ટાના બે ટુકડા પડ્યા હતા. બનાવને પગલે સ્થાનિક રહીશો મોટીસંખ્યામાં એકઠા થઈ ગયા હતા. ઈન્દુબાએ ભાણેજને પુછતા લેખરાજસિંહે રડતા રડતા કહ્યું કે આજે પપ્પાએ મમ્મીને વાળ પકડીને માર માર્યો હતો. આ બનાવ અંગે ઈન્દુબાએ જમાઈ શુરવીરસિંહ સામે ફરીયાદ નોંધાવી છે કે જયારે પણ નોકરી પરથી ઘરે આવતા હતા તે સમયે દિકરી વનિતા સાથે મારઝુડ કરીને શંકા-કુશંકા કરતો હતો. કેટલીકવાર જમાઈના ત્રાસના પગલે વનિતા બા પિયર જતા રહેતા હતા. પરંતુ સંસાર બગડે નહી તે માટે પિયરના સભ્યો સાસરીમાં સમાધાન કરાવી મુકી જતા હતા. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ખૂણેખાંચરેથી

● ગાંધીનગર શહેર-જિલ્લામાં આજે પરીક્ષા દિવસને લઈ આખો દિવસ ગંભીર રહ્યો હતો. નીટ તેમજ તલાટીની સ્પર્ધાત્મક પરીક્ષાઓ આજે હતી એટલે શહેરમાં પરીક્ષાર્થીઓ વધુ દેખાયા હતા.

● ગાંધીનગર શહેરમાં આજે પરીક્ષાઓને લઈ લારી-ગલ્લા પણ વધુ સંખ્યામાં બંધ રહ્યા હતા.

● ગાંધીનગર શહેરમાં આજે પરીક્ષાને કારણે ટ્રાફિક પણ સારો એવો સતત રહ્યો હતો.

● ગાંધીનગર શહેરમાં આજે ગરમીનો પારો પણ આકરો રહ્યો હતો.

● ગાંધીનગર શહેર-જિલ્લામાં આજે સતત બીજે દિવસે કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.

● ઈસનપુર મોટા ગામે શ્રી કુવાવાળી ચેહરમાતાના મંદિરે અને ગોગા મહારાજના ધામમાં સપ્તમ્ નવચંડી મહાયજ્ઞ ઉત્સવ ઉજવાયો.

● માણસા પંથકમાં કેબલ ચોરોનો તરખાટથી ખેડૂતો ચિંતાતુર બન્યા છે.

● સ્વામિનારાયણ ધામના ભક્તિ નિવાસ ખાતે યોગ શિબિરનું આયોજન કરાયુ હતુ.

● બ્રહ્મભવન ખાતે ગજાનન આશ્રમ માલસરના ગુરૂજી પધાર્યા હતા અને બ્રહ્મસમાજના આગેવાનો સાથે બેઠક કરી સંસ્થાની પ્રવૃત્તિ અને પ્રગતિની વાતો જાણી હતી.

● સે. ૨-સીના ગાર્ડનમાં ભારતીય યોગ સંસ્થાન દ્વારા પાંચ દિવસીય શિબિરનું આયોજન કરાયુ હતુ.

● સે. ૨૧ ખાતે આવેલ દિગંબર જૈન મંદિરે ગ્રીષ્મકાલીન વાંચન કાર્યક્રમનું આયોજન કરાયુ હતુ.

● ગુજરાત રાજય કર્મચારી મહામંડળના નવા હોદ્દેદારોની વરણી કરવામાં આવી છે.

● સંસ્કાર ગૃપ દ્વારા સે. ૭ના બગીચામાં બાળકો માટે બાળગીત, વાંચન, જ્ઞાન કસોટી જેવી પ્રવૃત્તિનું આયોજન કરાયુ હતુ.

● માણસાના ઈટાદરા આરોગ્ય કેન્દ્ર ખાતે આશા બહેનોની બેઠક વિવિધ કાર્યક્રમોની સમીક્ષાને લઈ યોજાઈ હતી.

● સાણંદના પ્રશાંતભાઈ શર્માને ગિજુભાઈ બધેકા એવોર્ડથી સન્માનિત કરાયા.

● ગાંધીનગર શહેરમાં જાહેરમાં મુકાયેલ કચરાપેટીઓ નિયમિત રીતે નહિ ઉઠાવાતી હોવાની ફરિયાદ ઉઠવા પામી છે.

● ગાંધીનગર શહેરમાં જાહેર વાહન પાર્કિંગની સમસ્યા વિકરાળ બનીને ઉભરી રહી છે.

● ગાંધીનગર શહેરમાં લગ્નસરાને લઈ પણ આજે ટ્રાફિક જોવા મળ્યો હતો.

● જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં અનિયમિત એસ.ટી. સેવાને લઈ ગ્રામીણજનોમાં રોષની લાગણી જોવા મળી રહી છે.

ઈસનપુર મોટા શ્રી કૂવાવાળી ચેહર માતાજીનો નવચંડી મહાયજ્ઞ મહોત્સવ ઉજવાયો

ચિલોડા, તા. ૭

ગાંધીનગર તાલુકાના ઈસનપુર-ચિલોડા માર્ગ પર

આવેલ બંને ગામની સરહદે ઈસનપુર સ્થિત શ્રદ્ધા અને આસ્થાના પ્રતિકસમા શ્રી કૂવાવાળી ચેહર માતાજીના ધામે અને ગોગા મહારાજના મંદિરના સાનિધ્યમાં ચેહરમાતાજીનો સપ્તમ નવચંડી મહાયજ્ઞ મહોત્સવ ધામધૂમપૂર્વક ઉજવવાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યુ હતુ. આ વૈશાખી પવિત્ર પુનમના દિવસે મહાયજ્ઞના આચાર્ય તરૂણ ભાઈ હર્ષદભાઈ ત્રિવેદી દ્વારા વૈદિક મંત્રોચ્ચાર શાસ્ત્રોક્ત વિધિ દ્વારા મહાયજ્ઞ વિધિ સંપન્ન કરી હતી. આ પ્રસંગે ગોગા મહારાજની ૧૧૦૮ દિવાઓની મહા આરતીનું ભવ્ય આયોજનમાં ૧૭૦૦થી વધુ ભાવિકભક્તજનોએ દર્શન અને મહા પ્રસાદનો લ્હાવો તેમજ છપ્પનભોગના અન્નકૂટ શ્રી કૂવાવાળી ચેહર માતાજીને ધરાવાયો હતો. આ પ્રસંગે ચિલોડાથી ઈસનપુર રોડ પર બન્ને સાઈડે ચેહરમાતાજી અને ગોગા મહારાની ધજા ફરકાવવામાં આવી હતી. આ પ્રસંગે ગામના તેમજ આસ પાસના ગામોના માઈ ભક્તોએ અસંખ્ય સંખ્યામાં લોકો ઉમટી દર્શન અને મહા પ્રસાદનો લ્હાવો લઈ ધન્યતા અનુભવી હતી.

વડાપ્રધાનના કાર્યક્રમ અનુલક્ષીને શિક્ષણ નિયામકશ્રીની શિક્ષકો સાથે તાકીદે બેઠક યોજી

ગાંધીનગર, તા. ૭

આગામી ૧૨મી મે ના રોજ અખિલ ભારતીય પ્રાથમિક શિક્ષક સંઘનું રાષ્ટ્રીય અધિવેશન ગાંધીનગરમાં ગિફ્ટસિટી ખાતે યોજાવા જઈ રહ્યું છે. આ કાર્યક્રમમાં દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ઉપસ્થિત રહેવાની અનુમતિ આપી છે. તેમના સત્તાવાર કાર્યક્રમની હવે તૈયારીઓ થઈ ચૂકી છે. વડાપ્રધાનના કાર્યક્રમને અનુલક્ષીને રાજ્યના પ્રાથમિક શિક્ષણ નિયામક એમ.આઈ. જોશીએ તાકીદે ગુજરાત રાજ્ય શિક્ષક સંઘ કે જેઓ આ અધિવેશનના યજમાન તરીકે કાર્યભાર સંભાળી રહ્યા છે. તેમના હોદ્દેદારો સાથે એક તાકીદની બેઠકનું આયોજન તા. ૬-૫-૨૩ના રોજ કરવામાં આવ્યું હતું.

નિયામકશ્રીએ સમગ્ર કાર્યક્રમની રૂપરેખાઓ જાણીને વિવિધ સૂચનો કરી અને તેની અમલવારી કરવા પર ભાર મુક્યો હતો. રાજ્ય સંઘના પ્રમુખ દિગ્વિજયસિંહ જાડેજાએ વિવિધ સમિતિઓની રચના અને તેમેના કામની વહેચણી વગેરેની વિસ્તૃત રૂપરેખા આપીને સમગ્ર કાર્યક્રમની માહિતી પૂરી પાડી હતી. આ બેઠકમાં મહામંત્રી સતિષભાઈ પટેલ મીડિયા ઈન્ચાર્જ જૈમીનભાઈ પટેલ અને અન્ય હોદ્દેદારો પણ ઉપસ્થિત રહ્યા હતા.

ચંદ્રાલા ખાતે ૪૨/૮૪ કડવા પાટીદાર નિવૃત કર્મચારી સંગઠન અધિવેશન યોજાયુ

ગાંધીનગર, તા. ૭

આજરોજ ચંદ્રાલા ખાતે ૪૨/૮૪ કડવા પાટીદાર સંચાલિત સ્કૂલમાં લક્ષ્મીબા હોલમાં સમાજના અગ્રણી વકીલ અશોકભાઈની અધ્યક્ષતામાં સમાજના નિવૃત કર્મચારી સંગઠનનું વાર્ષિક અધિવેશન યોજાઈ ગયું.

જે અંતર્ગત જે કર્મચારી ભાઈ બહેનોએ જીવનના ૭૫ વર્ષ પૂર્ણ કર્યા છે તે વડીલોનું સ્મૃતિચિહ્ન તથા શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યુ તેમ જે કર્મચારીઓએ પોતાના લગ્નજીવનના ૫૦ વર્ષ પૂર્ણ કર્યા હોય તેવા કર્મચારીઓનું પણ શાલ ઓઢાડી તથા સ્મૃતિ ચિન્હ અર્પણ કરી સન્માન કરવામાં આવ્યુ હતુ. ઉપરાંત ૪૨/૮૪ કડવા પાટીદાર સમાજના તાજેતરમાં નવા વરાયેલા હોદ્દેદારો જેમાં પ્રમુખ તરીકે યુવા પ્રમુખ એવા રામકૃષ્ણભાઈ, મહામંત્રી તરીકે ડી.સી. પટેલ, મંત્રી તરીકે

વરાયેલા એન.કે. પટેલ, ઉપપ્રમુખ પી.ડી. પટેલ, મનુભાઈ પટેલ તથા પરેશ પટેલનું પણ શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યુ હતુ.

આ પ્રસંગે સભાના અધ્યક્ષ અશોકભાઈ વકીલે સમાજ વિકાસ એ રાષ્ટ્ર વિકાસનો રસ્તો છે એમ જણાવી શુભેચ્છાઓ પાઠવી હતી. સમાજના યુવા પ્રમુખ રામકૃષ્ણભાઈએ પોતાની આગવી શૈલીમાં વડીલોને પોતાની શક્તિ સમાન વિકાસમાંજોડાવા આહવાન કર્યુ હતુ. ઉપરાંત આ સંમેલનના ભોજન દાતા પણ પ્રમુખ રામકૃષ્ણભાઈ હતા. આ પ્રસંગે વક્તા તરીકે ઉપસ્થિત ખમાર સાહેબે મનનીય પ્રવચન કર્યુ હતુ.